:: પ રિ શિ ષ્ટ : અ ::

ચતુ:સિમા :

ઉત્તરે : ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૧૦ (પાલ) 'સુડા', સુરતની હદ.

પૂર્વે : ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૧૦ (પાલ) 'સુડા' સુરતની હદ.

પશ્ચિમે : મોજે ભાઠાગામની હદ તથા હયાત ખાડી.

દક્ષિણે : હયાત રસ્તો તથા પાલ ગામની હદ તેમજ મોજે પાલ ગામના બ્લોક નંબર ૪૭૮, ૪૭૯, ૪૮૬, ૪૮૭, ૪૮૮, ૪૯૮, ૪૯૯.

નોંધ : ઉપરોકત ટી.પી.સ્કીમમાં સમાવેશ થયેલ બ્લોકનંબરોની યાદી. મોજે પાલના બ્લોકનંબરથી ૧૧૧, ૩૬૬, ૫૦૧ તથા હયાત રસ્તા અને ખાડી.
આ યોજનાના મુસદ્દાની નકલ જાહેર જનતાને જોવા સારૂ સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરી, સુડા ભવન, કલેકટર કચેરી, પાછળ, નાનપુરા, સુરતના સરનામે કચેરીના કામકાજના સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે. સરકારી રાજ્યપત્રમાં આ અધિસુચના પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઇપણ વ્યકિત આ યોજના સંબંધમાં વાંધા, બે નકલમાં લેખીત રીતે સુરત શહેરી વિકાસ સત્તામંડળને રજુ કરશે તો 'સુડા' ધ્વારા ઉકત કાયદાની જોગવાઇઓ હેઠળ રાજ્ય સરકારશ્રીને યોજનાનો મુસદ્દો સાદર કરતાં પહેલાં, સમયમર્યાદામાં આવેલા વાંધા વિચારણામાં લેશે.

( જે.બી.વોરા )
મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ
સુ ર ત.

---

સુરત શહેરી વિકાસ સત્તામંડળ

નં.સુડા/ટીપીએસનં.૧૬ (પાલ)/

''સુડા ભવન'',
કલેકટર કચેરી પાછળ,
નાનપુરા, સુરત.
તા. /૧૨/૨૦૦૦

:: અ ધિ સુ ચ ના ::

આથી જાહેર કરવામાં આવે છે કે, સુરત શહેરી વિકાસ સત્તામંડળે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૨(૧) તેમજ

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૧૮ મુજબ નગર રચના યોજના નં.૧૬ (પાલ),'સુડા' સુરતની મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તો તૈયાર કરેલ છે. જેને આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ યોજનાની હદો નીચે પ્રમાણે છે.

:: પ રિ શિ ષ્ટ - અ ::

ચતુઃસિમા ::

ઉત્તરે : ડ્રાફટ ટી.પી.સ્કીમનં.૧૫ (પાલ):સુડા:સુરતની હદ તથા ગામતળ.

પૂર્વે : ગામમાં જવાનો હયાત રસ્તો તથા ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૧૪ (પાલ):સુડા:સુરતની હદ.

પશ્ચિમે : ખાડી, તથા મોજે ભાઠાની જમીનો.

દક્ષિણે : સુરત-હજીરા રોડ તથા બ્લોકનં.૩૯૮,૩૯૯ અને ૪૦૩.

નોંધ : ઉપરોકત ટી.પી.સ્કીમમાં સમાવેશ થયેલ બ્લોકનંબરોની યાદી.
મોજે પાલના બ્લોકનં.૨૧૬,૪૨૭/૧,૪૨૮ થી ૪૩૨ પૈકી,૪૩૩ થી ૪૪૮ અને ૪૫૦ થી ૫૦૦ તથા હયાત રસ્તા.

આ યોજનાના મુસદ્દાની નકલ જાહેર જનતાને જોવા સારૂ સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરી, સુડાભવન, કલેકટર કચેરી પાછળ,નાનપુરા, સુરતના સરનામે કચેરીના કામકાજના સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે. સરકારી રાજયપત્રમાં આ અધિસુચન પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજના સબંધમાં વાંધા, બે નકલમાં લેખીત રીતે સુરત શહેરી વિકાસ સત્તામંડળને રજુ કરશે તો 'સુડા' ધ્વારા ઉકત કાયદાની જોગવાઈઓ હેઠળ રાજય સરકારશ્રીને યોજનાનો મુસદ્દો સાદર કરતાં પહેલાં, સમયમર્યાદામાં આવેલા વાંધા વિચારણામાં લેશે.

( જે.બી.વોરા )
મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ
સુ ર ત.